**ક્રમાંક–૧૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**આઠમું સત્ર**
**સોમવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૨૧**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૨૧ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬ અને ૭ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૮ થી ૨૭૧ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

**૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪૦, નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૫, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૬ તથા ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૮૭ વિભાગ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક– ૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩, માગણી ક્રમાંક–૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ અને ૩૭, માગણી ક્રમાંક–૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૬ તથા માગણી ક્રમાંક–૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭, ૫૮ અને ૫૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી વિરજીભાઇ ઠુમ્મર | (૬) શ્રી આત્મારામ પરમાર |
| (૨) ડો. નીમાબેન આચાર્ય | (૭) શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| (૩) શ્રી પુંજાભાઇ વંશ | (૮) શ્રી રાઘવજીભાઇ પટેલ |
| (૪) શ્રી અભેસિંહ તડવી | (૯) ડો. અનિલ જોષીયારા |
| (૫) શ્રી બળદેવજી ઠાકોર | (૧૦) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા |

**(વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ | (૧૭) શ્રી અરવિંદકુમાર પટેલ |
| (૧૨) શ્રી અનંતકુમાર પટેલ | (૧૮) શ્રી પ્રતાપ દૂધાત |
| (૧૩) શ્રી શંભુજી ઠાકોર | (૧૯) શ્રી વિનોદભાઇ મોરડીયા |
| (૧૪) શ્રી સુખરામભાઇ રાઠવા | (૨૦) શ્રી ગુલાબસિંહ રાજપુત |
| (૧૫) શ્રી વલ્લભભાઇ કાકડીયા | (૨૧) શ્રી જીતુભાઇ ચૌધરી |
| (૧૬) શ્રી અમરીષભાઇ ડેર | (૨૨) શ્રી ભગાભાઇ બારડ |

ત્યારબાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગની માગણીઓ પરની ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ પરત ખેંચવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક–૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક– ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૩. નિયમ ૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા**

સભ્ય ડો. સી.જે. ચાવડાએ તા.૧૫–૦૩–૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૩૮૮૫ (અગ્રતા–૬૬)ના માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રીએ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચાનો મુદ્દો ઉપસ્થિત કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

સભ્યશ્રીએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓના જવાબો માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યા.

**સભાગૃહ, મંગળવાર તા.૨૩મી માર્ચ, ૨૦૨૧ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૧૭ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**